અપીલ અરજી નં.૨૩૩ તા.૨૮/૩૦–૧૦–૦૯ /૧૦

અરજદારઃ શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય*** ***:***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈની તા.૨૩–૯–૦૯ ની અરજીથી (૧) મોજે બમરોલી સુરત સીટી સર્વે નં.૧૬૦, બ્લોક નંબર–૧૭૦માં રણછોડનગર સોસાયટીનો પ્લાન મંજુર છે કે કેમ?(૨) પ્લાન મંજુર કરાવ્યો હોય તો કોણે કરાવ્યો,(૩) સોસાયટીમાં તમામ બાંધકામ કાયદેસર કે ગેર કાયદેસર બાંધકામ, (૪) બાંધકામોની આકારણી ખાતાએ કયા પુરાવાને આધારે કરવામાં આવી છે. (૫) ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે તો તે કેમ દુર કરવામાં આવેલ નથી તેના કારણો અને ગેરકાયદેસર બાંધકામ હોય તો કેટલા દિવસમાં કાયદેસર રીતે દુર કરી શકાય . (૬) પાણી અને ડ્રેનેજના કનેકશન કયા પુરાવાને આધારે આપેલ છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** ***:***– અરજદાર મજકુરની તા.૨૮–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૩/૨૦૦૯–૧૦

શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈની તા.૨૩–૯–૦૯ ની અરજીથી (૧) મોજે બમરોલી સુરત સીટી સર્વે નં.૧૬૦, બ્લોક નંબર–૧૭૦ માં રણછોડનગર સોસાયટીનો પ્લાન મંજુર છે કે કેમ?(૨) પ્લાન મંજુર કરાવ્યો હોય તો કોણે કરાવ્યો,(૩) સોસાયટીમાં તમામ બાંધકામ કાયદેસર કે ગેર કાયદેસર બાંધકામ, (૪) બાંધકામોની આકારણી ખાતાએ કયા પુરાવાને આધારે કરવામાં આવી છે. (૫) ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે તો તે કેમ દુર કરવામાં આવેલ નથી તેના કારણો અને ગેરકાયદેસર બાંધકામ હોય તો કેટલા દિવસમાં કાયદેસર રીતે દુર કરી શકાય . (૬) પાણી અને ડ્રેનેજના કનેકશન કયા પુરાવાને આધારે આપેલ છે તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૧૦૩ તા.૯–૧૦–૦૯ થી મુદ્દા નં.૪ ની આપેલ માહિતીની નકલ ન મળ વાથી તથા મુદ્દા નં.૧,૨,૩,૫,૬, ની માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧ ૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૦ તા.૫–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને મુળ અરજીથી નકલો માંગેલ કે કેમ? જે અંગે આધારસહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.૪૮૩૨ તા.૧૮–૧૧–૦૯ થીપુરક માહિતીમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદરને આપેલ માહિતી પત્ર સા.ઝોન/ટેક/૪૦૪૧ તા. ૩–૧૦–૦૯ના પત્રની નકલ અત્રેના વિભાગને પુરી પાડેલ છે. તથા અરજદારે તા.૧૬–૧૧–૦૯ના પત્રથી અરજીમાં જણાવેલ તમામ નકલ માંગેલ છે એવી સ્પષ્ટતા , મુળ અરજીની નકલ તથા ફી અંગેની વિગત વિ. પુરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડેલ છે.

અરજદારની તા.૨૩–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં. ૧ મોજે બમરોલી સુરત સીટી સર્વે નં.૧૬૦, બ્લોક નંબર– ૧૭૦ માં રણછોડનગર સોસાયટીનો પ્લાન મંજુર છે કે કેમ તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩–૧૦–૦૯ના પત્રથી મોજે બમરોલી સુરત સીટી સર્વે નં.૧૬૦, બ્લોક નંબર–૧૭૦ માં રણછોડનગર સોસાયટીનો પ્લાન મંજુર નથી.એમ જણાવેલ છે. મુદ્દા નં.૨ રણછોડનગર સોસાયટીનો પ્લાન મંજુર કરવામાં આવ્યો હોય તો કોણે કરાવ્યા તેની માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રણછોડનગર સોસાયટીનો પ્લાન મહાનગરપાલિકા તરફથી મંજુર કરવામાં આવેલ નથી એમ જણાવેલ છે. મુદ્દા નં.૩ રણછોડનગર સોસાયટીના તમામ બાંધકામ કાયદેસર બાંધકામ કે ગેર કાયદેસર બાંધકામ તેની માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રણછોડનગર સોસાયટીના તમામ બાંધકામ મહાનગરપાલિકાની મંજુર વિનાના છે. મુદ્દા નં.૪ રણછોડનગર સોસાયટીના બાંધકામોની આકારણી ખાતાએ કયા પુરાવાને આધારે કરવામાં આવી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૧૦૩ તા.૯–૧૦–૦૯થી રણછોડનગર સોસાયટીના બાંધકામો/ પ્લોટની આકારણી સનેઃ ૧૯૯૭– ૯૮ માં એફ.ડી.ટી. નં.૩૪ તા.૧૪–૭–૦૯ ના રોજ કરવામાં આવેલ છે. જે અંગે પ્ર મુખે (૧)પ્રમુખ અને પ્લોટ હોલ્ડરોની આકારણી કરવા અંગેની અરજી.(૨) પ્લોટ હોલ્ડરનું લીસ્ટ (૩) સોસાયટીનો નકશો. (૪) બમરોલી ગ્રામ પંચાયતની બાંધકામ અંગેની રજાચીટ્ઠી. (૫) ગામનો નમૂનો – ૭ અને ૧૨ ની નકલના પુરાવા રજુ કરેલ છે. તેવી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૫ સદર સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે તો તે કેમ દુર કરવામાં આવેલ નથી તેના કારણો અને ગેરકાયદેસર બાંધકામ હોય તો કેટલા દિવસમાં કાયદેસર રીતે દુર કરી શકાય જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ થયેલ કાર્યવાહી ની વિગત આપવાની હોય છે. ન થયેલ / ભવિષ્યમાં થનાર કાર્યવાહીની માહિતી આપવાની રહેતી નથી. મુદ્દા નં.૬ પાણી અને ડ્રેનેજના કનેકશન કયા પુરાવાને આધારે આપેલ છે તેની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મોજે બમરોલી રણછોડનગર સોસાયટી ૬૩/૨ હેઠળ ડ્રેનેજ/પાણીની સુવિધા આપવામાં આવેલ છે. તેમજ અરજદાર તરફથી રજુ થયેલ વેરાબીલની નકલ આધારે સ્વતંત્ર ગટર/નળ કનેકશન આપવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. તેવી માહિતી

મુદ્દા નં.૧ થી ૬ની પત્ર સા.ઝોન/ટેક/૪૦૪૧ તા. ૩–૧૦–૦૯ થી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૮–૧૦–૦૯ ની અપીલમાં માંગેલ માહિતીની નકલોમાં મળેલ નથી જેથી જરૂરી ફી લઈ મુદ્દા નં૪ ની માહિતી નકલોમાં આપવી. બાકીના મુદ્દા નં.૧,૨,૩,૫,૬ ની માહિતી આપેલ નથી. એવુ જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ મુળ અરજીમાં આવી કોઈ નકલોની માંગણી કરેલ નથી. તથા પુરક વિગતોમાં પણ મુળ અરજી સંદર્ભે નકલોની માંગણીની સ્પષ્ટ આધાર રજૂ કરેલ જણાતા નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૯–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય માહિતી બાબતે અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી એ રવાના કરેલ માહિતી પત્રોની નકલ અરજદારને મળેલ ન હોય તો દિન–૭ માં કચેરી સમયમાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તેની નકલો મેળવી શકે છે. અરજદાર ધ્વારા સંપર્ક કર્યેથી તા.૩–૧૦–૦૯ના પત્રની નકલ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૪ની નકલો અંગે અલાયદી અરજી કરી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર નકલની માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ